કેમિકલ આપીને 12 લોકોની હત્યા કરનાર તાંત્રિકનું પોલીસ કસ્ટડીમાં મોત

અમદાવાદનો તાંત્રિક એકના ચાર ગણા કરી આપવાનું કહી ઠગાઇ કરતો હતો

માતા, કાકા અને દાદીની પણ સોડિયમ નાઇટ્રેડ આપીને હત્યા કરી હતી

અમદાવાદઃ પોતે માતાજીનો ભુવો છે એટલું જ નહીં, એકના ચાર ગણા રૂપિયા કરી આપીશું તેવુ કહીને છેતરપિંડી કરતાં તાંત્રિકલ ભુવાની સરખેજ પોલીસે 3જી ડિસેમ્બરે ધરપકડ કરી હતી. જો કે ખતરનાક કમિક્લ વડે 12 લોકોને મોતને ઘાટ ઉતાર્યા હોવાની કબૂલાત કર્યા બાદ આખરે પોલીસ કસ્ટડીમાં ભુવાનું મોત નીપજ્યુ હતું આ ભુવાએ સોડિયમ નાઇટ્રેડથી 12 લોકોની હત્યા કરી હતી. તે માત્ર 20 મિનિટમાં મોત આપતો હતો. એટલું જ નહિ તેણે પોતાના મા-દાદી અને કાકાને પણ પતાવી દીધા હતા. અમદાવાદમાં ફેક્ટરી માલિકની હત્યાનો પ્લાન ઘડ્યો તો જો કે તેને તે પહેલા જ દબોચી લેવાયો હતો.

સરખેજ પોલીસે ઝડપેલા તાંત્રિક ભુવાનું નામ નવલસિંહ ચાવડા હતું. જે મૂળ વઢવાણનો રહેવાસી તાંત્રિક નવલસિંહ ચાવડા છેલ્લા 7 મહિનાથી અમદાવાદ શહેરનાં વેજલપુર વિસ્તારમાં પરિવાર સાથે રહેવા માટે આવ્યો હતો. આરોપી તાંત્રિક નવલસિંહ ચાવડા પોતે મેલડી માતાનો ભૂવો અને તાંત્રિક વિધિ જાણતો હોવાનું લોકોને જણાવતો હતો. તાંત્રિક વિધિ કરીને એકના ચાર ગણા રૂપિયા કરી આપવાની લાલચ આપતો હતો. આરોપીએ એક અભી નામના યુવકને પણ ફસાવ્યો હતો.

એક ના ચાર ગણા કરી આપવાની લાલચ આપીને રૂપિયા પડાવ્યા બાદ તેને તાંત્રિક વિધિના નામે પાણી કે આલ્કોહોલમાં કોઈ પદાર્થ પીવડાવી રૂપિયા પડાવી લેતો હતો.

આરોપીની પૂછપરછમાં બહાર આવેલી વિગતો મુજબ, ગત 1લી ડિસેમ્બર બપોરે ત્રણ વાગ્યાની આસપાસ અભિને પૈસા લઈને સનાથલ સર્કલ પાસે બોલાવવાનો હતો. ત્યારબાદ તાંત્રિક વિધિના બહાના હેઠળ તેને પાણી કે કેફી પીણું પીવડાવીને અડધો કલાકમાં ચાર ઘણા રૂપિયા લઈ જવા માટેનું કહેતો હતો.આ તાત્રિક ભુવાએ પોતાની યુ ટ્યૂબ ચેનલ પણ શરૂ કરી હતી.

તાંત્રિક વિધિના નામે ચાર ગણા પૈસા કરવાનો કેસમાં પોલીસે પકડેલા આરોપીનું પોલીસ કસ્ટડીમાં મોત નિપજ્યું છે. પોલીસ લોકઅપમાં તબિયત લથડતા 108 એમ્બ્યુલન્સ મારફતે સિવિલ હોસ્પિટલ લઈ જવાયો હતો. હોસ્પિટલમાં સારવાર મળે એ પહેલા જ ભુવાનું મોત થયું હોવાનું તબીબોએ જાહેર કર્યુ હતું.

સ્પેશિયલ 26 મૂવીની સ્ટાઈલથી BSNL કેબલ ચોરનાર બે ઝડપાયા

ટ્રકમાં કેબલ ભરી આરોપીઓને ભગાડી ગયા હતા, આરોપીઓ બે દિવસના રિમાન્ડ પર

સુરતઃ ઉમરા વિસ્તારમાં ગઈ 28 નવેમ્બરના રોજ એલ.બી ટર્નિંગ પોઈન્ટ ખાતે આવેલા BSNL ડકમાંથી કેબલ ચોરીની ઘટના બની હતી. આ મામલે પોલીસે કેબલ ભરી જઈ આરોપીઓને ટ્રકમાં બેસાડી ભગાડવામાં મદદ કરનાર બે આરોપીઓને પકડી પાડ્યા છે.

પોલીસ પાસે મળતી માહિતી મુજબ ઘોડદોડ રોડ વિસ્તારમાં આવેલી દૂર સંચાર કોલોનીમાં રહેતા 47 વર્ષીય તુલસી કાલિદાસ વસાવા કરી BSNLમાં જુનિયર ટેલિકોમ ઓફિસર તરીકે ફરજ બજાવે છે. 26 નવેમ્બરના રોજ કરીમાબાદ સબ ડિવિઝન ઓફિસ ખાતે ટેલિફોન સુવિધા બાબતની ઘોડદોડ રોડ પાસે ટેલિફોન બંધ હોવાની ફરિયાદ આવતા તુલસીભાઈએ બે લાઈનમેનને ચેક કરવા તે વિસ્તારમાં મોકલ્યા હતા જ્યાં એલબી પોઇન્ટ નજીક એક ડક ચેમ્બરનું કવર ખુલેલી હાલતમાં જણાઈ આવ્યું હતું.જેમાંથી BSNL કંપનીના કોપર કેબલ નંગ-3 જે 6.62 લાખની કિંમતનો 525 મીટર લંબાઈનાં કેબલ ચોરી થયાનું માલમ પડ્યું હતું. આ મામલે ઉમરા પોલીસે અજાણ્યા વિરૂદ્ધ કેબલ ચોરીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. આ તપાસ દરમિયાન ટ્રક લઈ આવી કેબલ ભરી જઈ આરોપીઓને બેસાડી ભગાડી જનાર ટ્રક ડ્રાઈવર ઈકલાખ અખ્તરખાન(ઉં.વ..41, રહે., ગામ-અગોરા અમીરપુર, બુલંદશહેર, ઉત્તરપ્રદેશ) અને અન્ય સાથી અલીમોહમ્મદ ઉર્ફે અલનસબ્બીર ખાન(ઉં.વ૪૪, રહે., સરાવાદાદુપુરતા, બુલંદશહેર, ઉત્તરપ્રદેશ) પકડી પાડ્યા છે. બન્ને આરોપીઓને કોર્ટમાં રજૂ કરી બે દિવસના રિમાન્ડ મેળવી મુખ્ય આરોપીઓને પકડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

બે લૂંટેરી દુલ્હન શહેરના બે યુવાનની 2.46 લાખની મત્તા લઈ ફરાર

રાજપીપળાના દલાલ સંજય ગાબાણીએ લગ્ન માટે છોકરીઓ બતાવી હતી

સાસરે તાળું હતું પાડોશીઓએ કહ્યું અહીં તો રોજ ઠગાયેલા દુલ્હાઓ આવે છે

સુરતઃ શહેરમાં લૂંટેરી દુલ્હન ગેંગનો વધુ બે યુવકો ભોગ બન્યાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. વરાછા વિસ્તારમાં રહેતા બે યુવકોને ગેંગના સભ્યોએ લગ્ન કરવાની લાલચ આપી બે યુવતીઓ બતાવી હતી. જે બાદ એક યુવક સાથે લગ્ન કરાવી અને બીજા યુવક સાથે સગાઈ કરાવી બંને યુવકોના પરિવાર પાસેથી રોકડ સોના ચાંદીના દાગીના મળી 2.46 લાખની મત્તા પડાવી ફરાર થઈ ગયા હતા.

પોલીસ પાસે મળતી માહિતી મુજબ અશ્વિનીકુમાર રોડ પર આવેલા રિદ્ધિ એપાર્ટમેન્ટમાં રહેતા મૂળ રાજકોટના 58 વર્ષ હિમતભાઈ ગોરધનભાઈ વોરાએ વરાછા પોલીસ સ્ટેશનમાં વિપુલ કાનજીભાઈ મહેતા (રહે. બજરંગ નગર કાપોદ્રા), સંજયભાઈ ઉર્ફે પ્રવીણભાઈ ગાબાણી (ગામ., રાજપીપળા જિલ્લો. નર્મદા) કુંતા, કુંતાનો ભાઈ અને કુંતાની માતા પદ્મા અને અનિલ વિરૂદ્ધમાં ફરિયાદ નોંધાવી છે ફરિયાદમાં જણાવ્યા મુજબ, હિમતભાઈની ઓળખાણ તેમની ખોડિયાર નગર સોસાયટીમાં રહેતા વિપુલભાઈ મહેતા સાથે થઈ હતી. જો કે હાલમાં તેઓ અશ્વિનીકુમાર રોડ ખાતે રહેવા આવી ગયા છે. ગઇ તારીખ 7 ઓગસ્ટ ના રોજ માતાવાડી ચોકસી બજાર ખાતે તેમના મિત્ર રવજીભાઈ રૂપવતીયા તેમને મળ્યા હતા. તેમણે તેમને બજરંગ નગરમાં વિપુલભાઈ મહેતા કરી એક મહારાજ છે તેમની પાસે લગ્ન માટે છોકરીઓ હોવાનું જણાવ્યું હતું. હિમતભાઈ અને રવજીભાઈ ના પુત્રને લગ્ન કરવાના હોવાથી બંને ત્યાં ગયા હતા. વિપુલભાઈએ બંનેને લગ્નોત્સુક છોકરીઓના ફોટા મોબાઇલમાં બતાવ્યા હતા.

જેમાંથી રવજીભાઇ દીકરાને એક છોકરી પસંદ આવી હતી. જેથી તેઓ છોકરી જોવા માટે રાજપીપળા ગયા હતા. જ્યાં તેમને સંજય ઉર્ફે પ્રવીણ ગાબાણી છોકરી પક્ષ તરફથી મળ્યો હતો. તેણે તેમને છોકરીના માતા પિતાની પરિસ્થિતિ સારી નહીં હોય લગ્ન ખર્ચ 1.20લાખ તેમણે ઉઠાવવાની વાત કરી હતી. વિપુલભાઈ તેમનું 10 હજાર કમિશન નક્કી કર્યું હતું. સગાઈ સમયે રીતી રિવાજ મુજબ કુંતા ને સોનાની નથ ચાંદીના છેડા ઇમિટેશન જ્વેલરી પાંચ નંગ સાડી બે નંગ ડ્રેસ અને oppo કંપનીનો જૂનો મોબાઇલ આપ્યા હતા.

આ સગાઈ દરમિયાન સંજય ગાબાણીએ રોકડ 60 હજાર પણ લીધા હતા.1 3મીના રોજ ફરી વિપુલભાઈ હિમતભાઇ છોકરા રોમિત માટે છોકરી જોવા પોઇચા ખાતે લઈ ગયા હતા. ત્યાં સંજયે એક ફોટો બતાવી તે યુવતીનું નામ પદ્મા જણાવ્યુ હતું. રોમિતને છોકરી પસંદ આવતા લગ્ન બાબતે હા પાડી હતી. આ બંનેની સગાઈમાં રીતી રિવાજ મુજબ હિમતભાઈએ પદ્માને સોનાની નથ ચાંદીના છેડા ઇમિટેશન જ્વેલરી, 2 સાડી અને ડ્રેસ એક નંગ આપ્યા હતા આ સગાઈ બાદ સંજય નક્કી કર્યા મુજબ બીજા 30,000 રૂપિયા લીધા હતા અને વિપુલ મહારાજે 10,000 કમિશન પણ મેળવી લીધું હતું. બાદમાં 18 ઓગસ્ટે રવજીભાઈના પુત્રના કુંતા સાથે રાજપીપળા ખાતે લગ્ન કરાયા હતા. લગ્નના 3 દિવસ બાદ સંજય અને તેની પત્ની કુંતાને આણા વાળવાનું કહી રવજીભાઈ નાં ઘરેથી લઈ ગયા હતા. ત્રણ ચાર દિવસ પછી પણ કુંતા પરત નહિ આવતા રાવજીભાઈએ સંજયભાઇ ને ફોન કરતા તેમનો ફોન બંધ આવતો હતો.

રાવજીભાઇ ભાઇ ને શંકા જતા રાજપીપળા ખાતે સંજયના ઘરે ગયા ત્યાં ઘરને તાળા મારેલા હતા. જ્યાં આજુ બાજુમાં તપાસ કરતા જાણવા મળ્યું હતું કે ,આ લોકો છોકરીઓ નાં યુવકો સાથે લગ્ન કરી પૈસા અને વસ્તુઓ મેળવી છેતરતા આવ્યા છે. આમ લૂંટેરી દુલહનની ટોળકી હિમત ભાઈ અને રાવજીભાઇ નાં દીકરાઓ લગ્ન કરવાની લાલચ આપી 2.46 લાખની મત્તા પડાવી લીધી હતી.વરાછા પોલીસે ટોળકીના 7 સભ્યો વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથધરી છે.

ચોર્યાસીના દામકા ગામે તાલુકા કક્ષાનો બે દિવસીય રવિ કૃષિ મહોત્સવ યોજાયો

ખેડૂતોને વિવિધ યોજનાના લાભના મંજૂરી હુકમો એનાયત કરાયાં

સુરત : ગુજરાતના ખેડૂતોને પ્રવર્તમાન સમયને અનુરૂપ કૃષિ પધ્ધતિઓ, ટેક્નોલોજી અને નવતર અભિગમોથી પરિચિત કરાવવાના આશય સાથે રાજ્ય સરકાર દ્વારા રાજ્યવ્યાપી રવિ કૃષિ મહોત્સવ-2024નું આયોજન કરવામાં આવ્યું હતું. જેના ભાગરૂપે ચોર્યાસી તાલુકાના દામકા ગામે સાંઈ મંદિર ખાતે બે દિવસીય તાલુકા કક્ષાના 'રવિ કૃષિ મહોત્સવ'ને ધારાસભ્ય સંદિપભાઈ દેસાઈએ ખુલ્લો મુક્યો હતો. તા.06 અને 07 બે દિવસ મહોત્સવની ખેડૂતોએ મુલાકાત લીધી હતી.

આ પ્રસંગે ધારાસભ્ય સંદિપભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ કૃષિ ક્ષેત્રની કાયા પલટ કરવાના સંકલ્પ સાથે કૃષિ મહોત્સવ યોજવાની શરૂઆત કરી હતી. કૃષિ મહોત્સવમાં રવિ સિઝનમાં કૃષિ પાકો વિશે જરૂરી માર્ગદર્શન તેમજ ખેડૂતલક્ષી વિવિધ યોજનાઓ બાબતે કૃષિ વૈજ્ઞાનિકો, ખેતીવાડી, બાગાયત, આત્માના વિભાગ દ્વારા સમજ આપવામાં આવે છે. મહાનુભાવોના હસ્તે ખેડૂત મિત્રોને વિવિધ યોજનાના લાભના મંજૂરી હુકમો અને પેમેન્ટ ઓર્ડર એનાયત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે તા.પંચાયત પ્રમુખ તૃપ્તિબેન પટેલ ઉપપ્રમુખ, મહામંત્રી કિશનભાઈ પટેલ જિ.પં. સભ્ય સિંચાઈ સમિતિ અધ્યક્ષ/જિ.પં. સુરત નિલેશભાઈ તડવી. તા.પં. ઉપસરપંચ, વિવિધ વિભાગના અધિકારી/કર્મચારીઓ પ્રગતિશીલ ખેડૂતો, સખમંડળની બહેનો સહિત ખેડૂતો, ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

મહેસૂલી અધિકારીઓ અને કર્મચારીઓ માટે રિફ્રેશર તાલીમ યોજાઈ

મહેસૂલી કાયદાઓના અદ્યતન જ્ઞાનથી નાગરિકોની મુશ્કેલીઓને ઝડપી ઉકેલ આપવા માર્ગદર્શન

સુરતઃ રાજ્ય સરકાર દ્વારા મહેસૂલી અધિકારીઓ અને કર્મચારીઓની કાર્યક્ષમતા વધારવા અને નાગરિકોને મહેસૂલી મુદ્દાઓમાં ઝડપી અને અસરકારક સેવા આપવા માટે રિફ્રેશર તાલીમ યોજવામાં આવી હતી.

પીપલોદ સ્થિત શારદાયતન વિદ્યાલયના સભાગૃહમાં યોજાયેલી આ તાલીમમાં જિલ્લા કલેકટર ડૉ. સૌરભ પારધીની અધ્યક્ષતામાં વિવિધ મહેસૂલી કાયદા અને તેમના અમલની પદ્ધતિઓની સમજ આપવામાં આવી હતી. તાલીમમાં મહેસૂલી કાયદાના તજજ્ઞોએ રોજબરોજની કામગીરીમાં થતી અડચણો દૂર કરવા અને નાગરિકો માટે વધુ સુગમ પ્રક્રિયાઓ વિકસાવવા વિશેષ માર્ગદર્શન આપ્યું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ નાગરિકો અને અરજદારોની રજૂઆતોનું ઝડપી નિવારણ લાવવા માટે મહેસૂલી કર્મચારીઓને વધુ કાર્યક્ષમ બનાવવાનો છે. નાગરિકોને લંબાણકારી પ્રક્રિયાઓમાંથી મુક્ત કરી સરળતાથી સેવાઓ પ્રાપ્ત થાય તેવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. તાલીમ દ્વારા સ્થાનિક સ્તરે થતી ક્ષતિઓમાં ઘટાડો થશે, મહેસૂલી તંત્ર વધુ અસરકારક બને છે અને અરજદારોને તેમની રજૂઆતો માટે લાંબા સમય સુધી રાહ જોવી નહીં પડે. આ કાર્યક્રમમાં નિવાસી અધિક કલેક્ટર વિજય રબારી, તમામ પ્રાંત અધિકારીઓ, મામલતદાર અને અન્ય મહેસૂલી કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રકારની તાલીમને કારણે નાગરિકો માટે મહેસૂલી કાર્યપ્રક્રિયાઓ વધુ સરળ અને અસરકારક બનશે, જેના પરિણામે લોકોમાં મહેસૂલી તંત્ર પ્રત્યે વિશ્વાસ અને સંતોષ વધશે.

કાર્યક્રમને પગલે કામગીરીમાં આ ફેરફાર થશે

- » નાગરિકોની રજૂઆતો અને સમસ્યાઓનું ઝડપી નિવારણ.
- » મહેસૂલી તંત્રમાં વ્યવસ્થિતતા અને કાર્યક્ષમતા વધારવી.
- » કાયદાકીય અડચણોનો ઝડપી ઉકેલ.
- » મહેસૂલી કર્મચારીઓની જાણકારી અને કુશળતામાં વધારો.

અદાણી પોર્ટ ખાતે અંડર વોટર સર્વિસના ઈન્સ્પેક્શન વેળા ડૂબી જતાં કામદારનું મોત

સુરતઃ હજીરા વિસ્તારમાં અદાણી પોર્ટ ખાતે ગઈકાલે કરૂણ ઘટના બની હતી. જેમાં અંડર વોટર સર્વિસમાં ઈન્સ્પેક્શન દરમિયાન ખાનગી કંપનીના કોન્ટ્રાક્ટ બેઝ કર્મચારીનું ડૂબી જવાથી મોત થયું હતું.

સિવિલ હોસ્પિટલના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ મૂળ યુપીના વતની અને હાલમાં ઈચ્છાપોર સનરાઈઝ હોટલ ખાતે રહેતો 34 વર્ષીય 34 સચિન અમરસિંગ આઠ માસથી અંડર વોટર સર્વિસનું કામ કરતી ખાનગી કંપનીમાં કોન્ટ્રાક્ટ હેઠળ કામ કરતો હતો. હાલમાં હજીરા ખાતે અદાણી પોર્ટમાં ઈન્સ્પેક્શન ચાલી રહ્યું છે. જેમાં સમસ્યા સર્જાતા તે સિગ્નલ આપવા માટે પાણીની અંદર ઉતર્યો હતો. પહેલા તેણે એક સિગ્નલ આપ્યું હતું પરંતુ બીજુ નહીં આપતા અન્ય કર્મચારીઓને શંકા જતાં તેઓ પાણીમાં ઉતર્યા હતા અને તેને બહાર કાઢ્યો હતો. તેને શ્વાસ ચાલુ-બંધ થતો હતો. જેના કારણે તેણે સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો ત્યાંથી વધુ સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં લઈ જવાયો હતો. જ્યાં તેનું મોત નીપજ્યું હતું.

અનુસંધાન ... પાના પહેલાનું

બાંગ્લાદેશમાં સ્થિતિ...

લગાવી હતી. તેઓએ બાંગ્લાદેશી સામાનનો બહિષ્કાર કરવાની હાકલ કરી, ચેતવણી આપી કે જો ત્રિરંગા પ્રત્યે અનાદર અને હિંદુઓ પર હુમલા ચાલુ રહેશે તો ભારતીયો ચૂપ નહીં રહે. 'અમે બાંગ્લાદેશમાં હિંદુઓને સતત નિશાન બનાવવાની અને ભારત વિરૂદ્ધ નફરતથી પ્રેરિત ઘટનાઓની ટીકા કરીએ છીએ. અમે નિષ્ક્રિય બેસીશું નહીં અને જમદાની સાડીઓને સળગાવીને, અમે લોકોને બાંગ્લાદેશી ઉત્પાદનોનો બહિષ્કાર કરવા વિનંતી કરીએ છીએ', એમ એક પ્રદર્શનકારીએ કહ્યું. કાંઠીમાં વિરોધ રેલીનું નેતૃત્વ કરતા, રાજ્યના વિપક્ષના નેતા સુવેન્દુ અધિકારીએ કહ્યું કે બાંગ્લાદેશમાં વધતી કટ્ટરવાદી શક્તિઓ સામે 'સનાતનીઓ' એક થયા છે.

'1971ના બાંગ્લાદેશ મુક્તિ યુદ્ધમાં 30,000 ભારતીય સૈનિકોની શહાદતને પાડોશી દેશમાં ઇસ્લામવાદીઓ ભૂલી ગયા છે. આજની રેલી સરહદ પારના તત્વોને ઉશ્કેરણીજનક નિવેદનો બંધ કરવા માટેની હાકલ કરવા માટે છે', એમ તેમણે કહ્યું.

બાંગ્લાદેશી સમૂહો દ્વારા ભારત વિરોધી નિવેદનો પર પૂછાતા તેમણે કહ્યું હતું કે આંતરરાષ્ટ્રીય પ્રોટોકોલ અને સંયુક્ત રાષ્ટ્રોના દિશાનિર્દેશનું પાલન કરતા મોદી સરકાર સાચા સમય પર યોગ્ય પગલાં લેશે.

બાંગ્લાદેશમાં ઇસ્કોનના...

કેન્દ્રોને બાંગ્લાદેશમાંથી ઉખાડી ફેંકવા પોતાના અનુયાયીઓને વિનંતી કરી હતી. દાસે ચેતવણી આપી હતી કે આવા બેરોકટોક ધિક્કાર પ્રવચનો અને ઉશ્કેરણી લઘુમતિઓ વિરુદ્ધ હિંસા ભડકાવી શકે છે. આ વ્યક્તિઓની તત્કાળ ધરપકડ થવી જોઇએ. વિશ્વ જાગે. એમ દાસે વિનંતી કરી હતી. રાધા રમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે બાંગ્લાદેશમાં આધ્યાત્મિક નેતા ચિન્મય કૃષ્ણ દાસની ધરપકડ એટલા માટે કરવામાં આવી છે કે તેઓ લઘુમતિઓના વિરોધનો ચહેરો બની ગયા હતા, જે વિરોધમાં તેમણે યુનુસ સરકાર પાસે ફક્ત એટલી ખાતરી માંગી હતી કે હિન્દુઓ, તેમની મિલકતો અને પૂજા સ્થળોની સલામતી સુનિશ્ચિત કરવામાં આવે. તેમની ચિંતાઓ હાથ ધરવાના બદલે યુનુસ સરકારે તેમને જેલમાં પુરીને ચૂપ કરવાનું પસંદ કર્યું છે એમ દાસે કહ્યું હતું.

ખેડૂતોએ દિલ્હી...

હતું કે ઓછામાં ઓછા આઠ ખેડૂતોને ઇજા થઇ હતી અને તેમાંથી એકને ચંદીગઢની પીજીઆઈએમઈઆર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. અમે જથા(૧૦૧ ખેડૂતોના જૂથ)ને પાછું બોલાવી લીધું હતું એમ તેમણે પત્રકારોને જણાવ્યું હતું. પાંઢેરે જણાવ્યું હતું કે ખેડૂતો તેમની ફોરમો - સંયુક્ત કિસાન મોરચા (બિન-રાજકીય) અને કિસાન મઝદૂર મોરચા સાથે સોમવારે બેઠક પછી આગામી પગલાઓની દિશા નક્કી કરશે. જથાએ તેની પદયાત્રા આજે બપોરે શંભુ આંદોલન સ્થળથી ફરી શરૂ કરી હતી પણ હરિયાણાના સુરક્ષા કર્મચારીઓ દ્વારા ઉભા કરવામાં આવેલા મલ્ટિલેયર્ડ બેરિકેડે વડે તેને તરત અટકાવી દેવામાં આવી હતી. તેઓ બેરિકેડે નજીક પહોંચતા તેમના પર અશ્રુવાયુના ટેટાઓ છોડવામા આવ્યા હતા અને વોટર જેટો વડે પાણીનો મારો પણ તેમને વિખેરી નાખવા માટે કરવામાં આવ્યો હતો. ખેડૂતો જ્યારે બેરિકેડો નજીક આવ્યા ત્યારે હરિયાણા પોલીસે તેમને ચા અને બિસ્કીટ આપીને તેમને આશ્ચર્યમાં મૂકી દીધા હતા. આંદોલનકારીઓએ જણાવ્યું હતું કે આ નાટક હતું, કારણ કે જેવો તેમણે શંભુ બોર્ડર ક્રોસ કરવાનો આગ્રહ રાખ્યો કે તેમના પર ટિયરગેસના શેલ છોડવામાં આવ્યા હતા અને પાણીનો મારો ચલાવવામાં આવ્યો હતો. પોતાને મરજીવરાસ તરીકે ઓળખાવતા આ દેખાવકારોને થોડા મીટરના અંતરે જ અટકાવી દેવાયા હતા અને અને ત્રણ કલાક સુધી મડાગાંઠ ચાલી હતી. સુરક્ષા દળોના આ પગલા પછી ખેડૂતોએ તેમની કૂચ આજના દિવસ માટે અટકાવી દીધી હતી. ગઇકાલે પણ ખેડૂતોએ પોતાની કૂચ અટકાવી દીધી હતી.

સીરિયામાં અસ્સાદ...

દીધો હતો. આ સાથે જ સમગ્ર સીરિયા પર બળવાખોર દળોનો કબજો થઇ ગયો હોવાનું જાહેર થઇ ગયું હતું. લોકોની ઉત્સાહભરી ભીડ દમાસ્કસના રસ્તાઓ અને શેરીઓમાં ભેગી થઇ ગઇ હતી. ઘણા લોકો સીરિયન ક્રાંતિકારી ધ્વજ ફરકાવી રહ્યા હતા જે સાથે આરબ સ્પ્રિંગ અપરાઇઝિંગના શરૂઆતી દિવસોની યાદ તાજી થઇ હતી. કેટલાક લોકોએ ઉજવણી કરવા હવામાં ગોળીબાર પણ કર્યો હતો. સીરિયામાં અસ્સાદ કુટુંબ સામે અવાજ ઉઠાવનાર બળવાખોરોને તે સમયે તો સખત રીતે કચડી નખાયા હતા અને દેશમાં લાંબા નાગરિક યુદ્ધની શરૂઆત થઇ હતી. છેવટે ૧૪ વર્ષના ગૃહ યુદ્ધ પછી સીરિયા અસ્સાદ કુટુંબના શાસનથી મુક્ત થયું હતું. ત્યાં હાફીઝ અલ-અસ્સાદે વર્ષો સુધી અને ત્યારબાદ તેમના પુત્ર બશર અલ-અસ્સાદે અત્યાર સુધી લોખંડી હાથે શાસન કર્યું હતું.

સીરિયામાં અસ્સાદ કુટુંબને રશિયા અને ઇરાનનો સાથ હતો જ્યારે બળવાખોરોને ખાસ કરીને તુર્કીનો સાથ હતો. બળવાખોરોના કબજા પછી રશિયાએ જ જાહેર કર્યું હતું કે બશર અલ-અસ્સાદ બળવાખોર દળોની પરવાનગીથી દેશ છોડી ગયા છે અને શાંતિપૂર્વક સત્તાના હસ્તાંતરણની સૂચના તેમણે આપી છે. અસ્સાદ કુટુંબનું ટેકેદાર ઇરાન મૌન રહ્યું છે અને તેણે હજી સુધી કોઇ નિવેદન આપ્યું નથી. યુએનના સીરિયા ખાતેના ખાસ દૂતે સત્તાના વ્યવસ્થિત હસ્તાંતરણ માટે મંત્રણાની હાકલ કરી છે. જો કે બળવાખોર દળો સામે હજી પણ કેટલાક પડકારો છે. તેઓ ઉત્તરમાં અમેરિકાના ટેકાવાળા કુર્દીશ દળો સામે લડી રહ્યા છે અને આઇએસઆઇએસ જૂથ હજી પણ દેશના કેટલાક દુર્ગમ વિસ્તારોમાં સક્રિય છે.

અસ્સાદ ક્યાં...

કેટલાક અહેવાલો જણાવતા હતા કે બળવાખોર દળો દમાસ્કસ તરફ આગળ વધી રહ્યા હતા તે સમયે જ પ્રમુખ બશર એક વિમાનમાં રવાના થઇ ગયા હતા. બશર અલ-અસ્સાદના ખાસ ટેકેદાર રશિયાએ જણાવ્યું હતું કે બળવાખોરોની પરવાનગીથી જ અસ્સાદ દેશ છોડી ગયા છે અને સત્તાના સરળ હસ્તાંતરણની સૂચના આપતા ગયા છે. જ્યારે વડાપ્રધાને સાઉદી ટેલિવિઝન અલ-અરેબિયાને જણાવ્યું હતું કે પોતે શનિવાર રાતથી પ્રમુખ સાથેનો સંપર્ક ગુમાવી દીધો હતો.

બળવાખોર નેતાએ...

સત્તાવાર રીતે સત્તાનું હસ્તાંતરણ થાય નહીં ત્યાં સુધી જાહેર સંસ્થાઓ વડાપ્રધાનના નીરિક્ષણ હેઠળ રહેશે એમ તેમણે આ જૂથના સોશ્યલ મીડિયા આઉટલેટ પર પ્રકાશિત થયેલ એક નિવેદનમાં જણાવ્યું હતું. તેમણે તેમના ફાઇટરોને હવામાં ગોળીબાર કરવાની પણ મનાઇ ફરમાવી છે. અલ-ગોલાનીની આ ટિપ્પણીઓ એના પછી આવી છે જ્યારે વડાપ્રધાન મોહમ્મદ ગાઝીએ કહ્યું હતું કે તેઓ વિરોધી દળો તરફ દોસ્તીનો હાથ લંબાવે છે અને સરકારી સંસ્થાઓનું કામ ચાલુ રહે એમ ઇચ્છે છે.

સીરિયાના વડા...

સાથેના મારા સંબંધને કારણે છે.'' જલીલીએ કહ્યું કે, તે સવારે કામ ચાલુ રાખવા માટે તેની ઓફિસમાં જશે અને સીરિયાન નાગરિકોને જાહેર સંપત્તિને નુકસાન ન કરવા હાકલ કરી છે. જલીલીએ એવા અહેવાલો પર કોઈ ટિપ્પણી કરી ન હતી કે, રાષ્ટ્રપતિ બશર અસદ દેશ છોડી ગયા છે. અસદના ઠેકાણા પર સંયુક્ત આરબ અમીરાત તરફથી તાત્કાલિક કોઈ ટિપ્પણી કરવામાં આવી ન હતી. અસદના પરિવાર પાસે દુબઈમાં વ્યાપક રિયલ એસ્ટેટ છે.

સીરિયાના નાગરિકો...

29 વર્ષીય વકીલ. તે (અસદ) અને તેના પિતાએ અમને ઘણા વર્ષો સુધી ભયમાં જીવતા રાખ્યા તે પછી, અને હું જે ગભરાટ અને આતંકની સ્થિતિમાં જીવી રહ્યો હતો', એમ 29 વર્ષીય વકીલ એમ ઓમર દાહેરે કહ્યું હતું તેના પિતા સુરક્ષા દળો દ્વારા માર્યા ગયા હતા અને તેનો ભાઈ અટકાયતમાં હતો, તેનું ભાવિ અજાણ હતું. મધ્ય દમાસ્કસના અન્ય એક ઉજવણી કરનારે કહ્યું 'જે થયું છે તે દરેક પીડિત વ્યક્તિની પ્રાર્થના છે અને ભગવાને આજે તેનો જવાબ આપ્યો છે.'

સુડોકુ ૭૦૮૩ - 'કૃતિ'

			૧				૯	
૮		૯	૫		૪		૩	
૪	૨		૩	૯		૬	૫	૧
				૧	૨	૩		૬
		૧	૪	૭				૮
૭				૩			૪	૫
				૪	૯			૩
		૫				૪		૭
		૬		૫	૧	૨	૮	૯

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - સ્યોમંદ પરબીઆ

ઊલટી

મમરા એ માટે ઉપયોગી ગણાય છે. તેલમાં કાપેલું લસણ તળી તેમાં મમરા મીઠું નાખીને વઘારવા. દિવસમાં ત્રણેક વાર ખાઇ શકાય. પાણી બને ત્યાં સુધી પીવું નહીં.

શબ્દગુંફન - ૬૮૩૭ અરવિંદ એસ. મારૂ

આડી ચાવી

૧. બેદરકારી, ભૂલ (૪)
૩. ટીકા કે સમીક્ષા કરનાર (૪)
૭. રક્ષણ, આશય (૩)
૮. તૃપ્ત, ધરાયેલુ (૨)
૧૦. ફળની ઈચ્છાવાળું (૩)
૧૩. શારીરિક ઈજા કે ઘા (૩)
૧૪. મીઠું, લવણ (૩)
૧૫. અભિમાની (૨)
૧૬. સૂર્ય (૩)
૧૭. ચિંતન (૩)
૧૮. માછલાં પકડવાનો આંકડો (૨)
૧૯. ઠંડુ (૩)
૨૧. પત્ની, ભાર્યા (૩)
૨૨. ઉછેરીને મોટું કરનાર (૩)
૨૪. માલિમ કરવું તે (૩)
૨૬. રાતે ક્યાંક મુકામ કરવો તે (૪)
૩૦. કમળ (૩)
૩૧. જરૂરી જ ખર્ચ કરવું તે (૫)
૩૨. આપવું તે (૨)

ઊભી ચાવી

૧. વિનોદ, મજા, આનંદ (૩)
૨. ટેવ, વ્યસન (૨)
૪. પોશાક, રૂપ, શણગાર (૨)
૫. અન્નનો દાણો (૨)
૬. પિતાના ભાઈ (૨)
૯. રાત, રાત્રી (૩)
૧૦. સરખી સપાટીવાળું (૪)
૧૧. ચિંતન કરવાના સ્વભાવવાળું (૫)
૧૨. ડરામણું (૪)
૧૫. નામનાવાળા (૪)
૧૮. રસોડા કે ભંડારનો ઓરડો (૩)
૨૦. તકરાર કરવાની ટેવવાળું (૫)
૨૨. ઉપકાર (૨)
૨૩. જ્વાળામુખીમાંથી નીકળતો રસ (૨)
૨૭. એક તેજાનો (૨)
૨૮. પગથિયું (૩)
૨૯. માળા (૨)

આજનું પંચાંગ

તા. 09/12/2024, સોમવાર

વિક્રમ સંવત : 2081 **શાકે** : 1946
વીર સંવત : 2551 **માસ** : માગસર
તિથિઃ સુદ: આઠમ:08:04, દુર્ગાષ્ટમી નવમી ક્ષયતિથિ છે
અયન : દક્ષિણાયન **ઋતુ** : હેમંત
રાષ્ટ્રિય દિનાંક : માગસર:18
નક્ષત્ર : પૂ. ભા.:- 14:57 **યોગ:** સિદ્ધિ
કરણ : બાવલ
રાશિ : કુંભ (ગ,સ,શ,ષ) 9:15 પછી મીન (દ,ચ,ઝ,થ)
દિવસ : અશુભ- શ્રી હરિ જયંતી, કલ્પાદિ
સુરતમાં સૂર્યોદય : 07:06 **સુરતમાં સૂર્યાસ્ત** : 17:56
નવકારસી : 07:54
પારસી વર્ષ : 1344, તીર માસનો 27મો રોજ
મુસલમાન વર્ષ : 1446, જમાદીઅલ અવ્વલ માસનો 07મો રોજ
દિવસનાં ચોઘડિયાં: અમૃત, કાળ, શુભ, રોગ ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત
રાત્રિનાં ચોઘડિયાં: ચલ, રોગ, કાળ, લાભ ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ
રાહુ કાળ : સવારે: 07:30 થી 09:00 સુધી

મેષ (અ.લ.ઇ.): ઉચ્ચ કક્ષાના માણસોની મુલાકાત થાય. જાહેર જીવનમાં સાવધાની રાખવી. ગુપ્તભય સતાવે.
વૃષભ (બ.વ.ઉ.): વેપાર-ધંધામાં પ્રગતિ થાય. મિત્રો સાથે વિવાદ ટાળવો. સંતાનોના કામમાં વિઘ્નો આવે.
મિથુન (ક.છ.ઘ.): કુટુંબ-પરિવાર સાથે સમાજીક મેળાવડામાં ભાગ લેવાનું બને. નોકરીમાં નવી તક મળે.
કર્ક (ડ.હ.): કોઈની વાતોમાં નિર્ણય બદલવા નહી. વિદેશના કામમાં પ્રગતિ થાય. આવક વધે.
સિંહ (મ.ટ.): નોકરીમાં સહકાર મળે. સમાજ

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

જીવનમાં સાવધાની રાખવી. ઘરમાં નવા સુખ સગવડના સાધનો આવે.
કન્યા (પ.ઠ.ણ.): કૌટુંબિક જવાબદારી વધશે. ઘરમાં નવા મહેમાનનું આગમન થાય. ઉંમરલાયકના વિવાહ થાય.
તુલા (ર.ત.): નોકરીમાં ઉપરી વર્ગનો સાથ મળે. નવા રોકાણમાં ધીરજ રાખવી. મિત્રોનો સાથ મળે.
વૃશ્ચિક (ન.ય.): વિદ્યાર્થીઓને મદદ મળે. મોજ-શોખના ધંધામાં પ્રગતિ થાય. પ્રેમમાં વિઘ્નો આવે.
ધન (ભ.ધ.ફ.ઢ.): બહારના કામનો બોજ સતાવે. પ્રવાસમાં વિઘ્નો આવે. ઘરમાં તાલમેળ રાખવો.
મકર (ખ.જ.): કોઈની સાથે વિવાદમાં ઉતરવુ નહી. અચાનક અશાંતિ પેદા થાય. પ્રવાસમાં સાવધાન.
કુંભ (ગ.સ.શ.ષ.): આવક વધારવાના પ્રયત્નોમાં પ્રગતિ થાય. સમાજમાં યશ મળે. ખર્ચા વધશે.
મીન (દ.ચ.ઝ.થ.): નોકરી-ધંધાર્થે પ્રવાસમાં અશાંતિ રહેશે. દાંપત્ય જીવનમાં અશાંતિ રહે.

કોઇ પણ સાલમાં

09 ડિસેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરી-ધંધા વ્યવસાયમાં નવા ફેરફાર, કાર્યબોજ નવી તક તથા સ્થાનફેરથી દોડ-ધામ અને અશાંતિ રહે. છતાં અનુકૂળતા વધશે. આર્થિક પ્રગતિ અને ઉઘરાણી આવવાથી નવા રોકાણ થાય. નવી ટેકનોલોજી અને સરકારી નિયમો પ્રમાણે કામ કરવાની તક મળે. સમાજમાં તાલમેળ વધે. ઉંમરલાયકના વિવાહ થાય. વિદેશ પ્રવાસ, વિદેશમાં શિક્ષણ અને આયાત-નિકાસના કામમાં ચડતી-પડતી રહે. સરકારી કામમાં વિઘ્નો આવે. નવા ઘર, વાહન, મકાન બાબતે વર્ષની શરૂઆત અનુકૂળ રહે. વિદ્યાર્થીઓને મદદ મળે. મિત્રો-વડીલોની મદદ નવા વ્યવસાય અને સંતાનોના કામમાં મળે. નવી આવકના પ્રયત્નો વર્ષ દરમિયાન સફળ રહે. વારસો, જાયદાદ, જમીન બાબતે અવરોધ આવે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. માર્ચ-એપ્રિલ તથા ઓક્ટોબર-નવેમ્બરમાં નવી યોજના સફળ બનશે. ડિસેમ્બર-જાન્યુઆરીમાં ખર્ચા વધશે.

અનુસંધાન ... પાના છેલ્લાનું

11 ડિગ્રી તાપમાનમાં...

એપ્લિકેશન મુજબ વલસાડમાં લઘુત્તમ તાપમાન 11 ડિગ્રી જેટલું જોવા મળ્યું હતુ. સોમવારે સવારે તાપમાનનો પારો ગગડીને 11 ડિગ્રી પર પહોંચી જશે, એવું લાગી રહ્યું છે. રવિવારે નવસારીમાં એક જ દિવસમાં ઠંડીનો પારો વધુ ચાર ડિગ્રી ગગડતા તાપમાન 11.5 ડિગ્રી નોંધાયું છે. જે સિઝનનો સૌથી ઠંડો દિવસ રહ્યો હતો. જ્યારે મહત્તમ તાપમાન પણ વધુ અડધો ડિગ્રી ગગડતા કકડાવતી ઠંડીનો અહેસાસ થયો હતો. જોકે વિતેલા શુક્રવારથી ઠંડીનો પારો ગગડવા લાગ્યો હતો. નવસારી ઠંડીનો પારો ગત 6ઠ્ઠીએ 1.6 ડિગ્રી, ગત 7મીએ 4.6 ડિગ્રી અને આજે 3.9 ડિગ્રી ગગડ્યો છે. જેથી 3 દિવસમાં ઠંડીનો પારો 10.1 ડિગ્રી ગગડતા નવસારીમાં કકડાવતી ઠંડી પડી હતી. રવિવારે નવસારીમાં ઠંડીનો પારો વધુ 3.9 ડિગ્રી ગગડીને 11.5 ડિગ્રી નોંધાતા સિઝનનો સૌથી ઠંડો દિવસ રહ્યો છે. જ્યારે મહત્તમ તાપમાન પણ વધુ 0.5 ડિગ્રી ગગડીને 30 ડિગ્રી નોંધાયું છે. સવારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ 95 ટકા હતું. જે બપોરબાદ ઘટીને 27 ટકાએ રહ્યું હતું. જોકે દિવસ દરમિયાન 2.1 કિ.મી. ની ઝડપે પવનો ફૂંકાયા હતા.

પાંચ દિવસમાં મહત્તમ...

વિભાગના જણાવ્યા મુજબ, આગામી દિવસોમાં તાપમાન વધુ ઘટી શકે છે, અને લોકોને વધુ ઠંડી માટે તૈયાર રહેવાની સલાહ આપવામાં આવી છે. જ્યાં સુરતની સોસાયટીઓમાં ગરમ કપડાં પહેરવા લોકોની અવરજવર વધી છે, ત્યાં બજારોમાં પણ ગરમ રસોઈ અને ચા-કોફી સહિતના સ્ટોલ પર રશ જોવા મળી રહ્યો છે.

મેટ્રોની મોકાણઃ...

થતી આવકને કારણે હંમેશા ખુશ રહેતા હતા. પરંતુ રાજમાર્ગ ઉપર જ્યારથી મેટ્રો રેલ પ્રોજેક્ટ શરૂ કરાયો છે ત્યારથી વેપારીઓની દશા બેઠી છે. દુકાનનાં લેવલ કરતા રોડ ઊંચો થયો હોવાને કારણે આજે વહેલી સવારે એક વાહન સીધુ દુકાનની શટર પર ટકરાયું હતું જેના કારણે દુકાનનુ શટર તૂટી ગયું હતુ. છેલ્લા એક મહિનામાં આ પ્રકારનાં 30 જેટલા નાના મોટા અકસ્માત થયા છે, તેના કારણે કેટલીક દુકાનોના શટર અને કેટલીક દુકાનોના સાઈનબોર્ડ પણ તૂટી ગયાં હતાં. કેટલાક અકસ્માત તો એવા થયાં છે કે દુકાનદારો ઘાયલને હોસ્પિટલ લઈ ગયાં છે. આવી ગંભીર સમસ્યા છે. રોડ એવો બન્યો છે કે, ગ્રાહકો પણ દુકાનમાં આવી શકતા નથી કે પાર્કિંગ કરી શકતા નથી તેથી વેપારીઓની હાલત કફોડી થઈ રહી છે.

જાન્યુઆરીથી તમામ...

પહેલા બેલ્જિયમના એન્ટવર્પની મુસાફરી કરવી પડશે. આ સિસ્ટમ દ્વારા, બેલ્જિયમ દ્વારા, પડોશી યુક્રેન પર તેના ગેરકાયદે ચાલુ આક્રમણ માટે રશિયાને સજા આપવાના હેતુથી આ પ્રતિબંધો લાગુ કરવામાં આવ્યા છે.

સ્થાનિક ઉદ્યોગને ચિંતા છે કે પ્રતિબંધ - યુક્રેન પર તેના આક્રમણ માટે રશિયા સામેના આંતરરાષ્ટ્રીય પગલાંથી ભારતના જેમ એન્ડ જ્વેલરીની નિકાસ પર મોટી અસર કરી શકે છે, જેમાં યુએસ ભારતનું સૌથી મોટું બજાર છે. ભારત વિશ્વના 15 માંથી 14 રફ હીરા કટિંગ પોલિશીંગ કરે છે. સરકારી ડેટા અનુસાર, ભારત રફ ડાયમંડ સીધા રશિયાથી આયાત કરતું નથી પરંતુ એન્ટવર્પ અને દુબઈ જેવા હબમાંથી તેનો સ્ત્રોત કરે છે.

"G7 એ 1 જાન્યુઆરીથી રશિયન હીરા પર સીધા પ્રતિબંધની જાહેરાત કરી છે, જે માર્ચથી રશિયન હીરાની પરોક્ષ આયાત અથવા ત્રીજા દેશો દ્વારા ડાયમંડ કટિંગ પોલીશીંગની પ્રક્રિયા કાર્ય પછી એક્સપોર્ટ કરવામાં આવ્યા હશે એની પર તબક્કાવાર પ્રતિબંધો લાગુ કરવામાં આવશે. ભારતના હીરા ઉદ્યોગ પર અસર માર્ચ 2025 થી શરૂ થવાનો અંદાજ છે.

G7 દેશોમાં આવતા 1 કેરેટ અથવા તેથી વધુના તમામ રશિયન હીરા સ્વીકારવામાં આવશે નહીં. સાથે જ હીરાની આયાતને ટ્રેક કરવા માટે ટ્રેસબિલિટી સિસ્ટમ શરૂ કરવામાં આવશે. વૈશ્વિક બજારના 30% હિસ્સા સાથે, રશિયા વોલ્યુમની રીતે રફ હીરાનું વિશ્વનું સૌથી મોટું ઉત્પાદક છે. US, એક મુખ્ય G7 સભ્ય છે. FY 2023 માં ભારતમાંથી 22.04 બિલિયન ડોલરની કુલ હીરાની નિકાસ અમેરિકામાં કરવામાં આવી હતી. જે બીજા હોંગકોંગ કરતા 25.16% આગળ છે. ભારતમાંથી નિકાસમાં જાપાનનો હિસ્સો માત્ર 1.18% હતો, જેનું મૂલ્ય $260 મિલિયન હતું.

દુઃખદ અવસાન બેસણું

સ્વ. યોગેશભાઈ દેવજીભાઈ સાંગાણી
સ્વ. તા. ૮/૧૨/૨૦૨૪

દિલગીરી સહ જણાવવાનું કે અમારા ભાઈ/પિતાશ્રી સ્વ. યોગેશભાઈ દેવજીભાઈ સાંગાણી (વતનઃ ટોડા, અમરેલી હાલ બારડોલી નિવાસી) સ્વ. તા. 8/12/2024, રવિવાર ના રોજ દેવલોક પામ્યા છે. સદ્દગત નું બેસણું તા. 9/12/2024 ને સોમવાર ના રોજ સાંજે 4.00 થી 6.00 કલાકે બારડોલી મુકામે રાખેલ છે.

લિ.
નવનીતભાઈ દેવજીભાઈ સાંગાણી (ભાઈ)
તેજસ યોગેશભાઈ સાંગાણી (પુત્ર)
ઉમેશ યોગેશભાઈ સાંગાણી (પુત્ર)
પટેલ બેટરી, બારડોલી

સ્થળઃ સી-૩૧, રાધા બાગ સોસાયટી, શિશુમંદિર સ્કુલ ની પાસે, શાસ્ત્રી રોડ, બારડોલી.